# **પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા ત.૧૧/૦૬/૨૦૨૩ ના રોજ જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪૪(જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૧૧ કે જે સુરત મહાનગરપાલિકાના **કોમ્યુનીટી સેન્ટર માટેના રીઝર્વેશનના હેતુ** માટે ફાળવવામાં આવેલ છે. સદર રીઝર્વેશનના પ્લોટના કુલ ૨૦૩૯૨.૦૦ ચો.મી. ક્ષેત્રફળ પૈકી આશરે ૩૦૦૦ ચો. મી. જગ્યાનો અગાઉ કબ્જો મેળવવામાં આવેલ હતો. તેમજ આશરે ૧૪૨૫.૦૦ ચો. મી. જગ્યા પર તબેલા તેમજ કાચા–પાકા મકાનોનું દબાણ હતું. જે ગેરકાયદેસર બનાવવામાં આવેલ તબેલા તથા તેને સંલગ્ન તમામ કાચા–પાકા બાંધકામો દુર કરી આશરે ૨૦૩૯૨.૦૦ ચો.મી. જેટલો એરીયા ખુલ્લો કરી સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી સેન્ટર હેતુ માટેના રીઝર્વેશનનો પ્લોટનો સંપૂર્ણ કબ્જો મેળવેલ છે.

**સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના મે.ડેપ્યુટી કમિશનરશ્રીની સુચના મુજબ તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૧–ડેપ્યુટી ઈજનેર, ૨–જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૧–ટેકનીકલ આસીસ્ટન્ટ, ૨૦–બેલદાર તથા ૧૦–માર્શલ, ૧–નંગ મઝદા ગાડી, માર્કેટ વિભાગની ટીમ સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૭૨**
**તા.૧૨/૦૬/૨૦૨૪**